ગુજરાતમિત્ર

ગતિવિધિ

શીતળા સાતમ નિમિત્તે કુબેરેશ્વર મહાદેવ મંદિર માંજલપુર ખાતે શીતળા માતાનું પૂજન કરાયું

વડોદરા : પવિત્ર શ્રાવણ માસ શરૂ થતાં જ હિન્દુ ધર્મના વિવિધ ધાર્મિક તહેવારોની પણ શરુઆત થઈ જાય છે ત્યારે ગતરોજ બુધવારે શ્રાવણ સુદ છઠ્ઠ ને રાંધણ છઠ્ઠ ના દિવસે વિવિધ વસ્તુઓ બનાવે છે તે રીતે રાંધણ છઠ્ઠ ના દિવસે વડાં, પૂરીઓ, પાતળાના પાનના ભજીયા વિગેરે બનાવ્યા હતા ત્યારબાદ અને આજે વહેલી ઘરની રસોઈમાં ગેસ અથવા ચૂલાની સફાઈ કરી ત્યાં દીવો કર્યો હતો ત્યારબાદ માંજલપુર વિસ્તારમાં બહેનોએ શ્રી કુબેરેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં શીતળા માતાની માટીની પ્રતિમા પર જળથી,દૂધથી અભિષેક કરી રૂની પૂણીથી વસ્ત્ર અર્પણ કરી,ગરોની વેલ ચઢાવે છે સાથે જ દિવો અગરબત્તી કરી પુષ્પો,ફળો તથા શ્રીફળ ચઢાવી પૂજન કરે છે અને શીતળા માતા પાસે બાળકો અને પરિવારના આરોગ્ય ની સુખાકારી ની કામના સાથે પ્રાર્થના કરી હતી આજે શીતળા સાતમે ઘરમાં ચૂલો કે ગેસ સળગાવવામાં નહીં આવે અને ફક્ત ઠંડું જ ભોજન આરોગી શીતળા સાતમની શ્રદ્ધાભેર ઊજવણી કરવામાં આવશે.

મ્યુનિ. કાઉન્સિલર જ્યોતિબેન પટેલ પ્રજ્ઞાચક્ષુઓ માટે દ્વારકા સોમનાથની યાત્રાનું આયોજન કરાયું

વડોદરા : મ્યુનિસિપલ કાઉન્સિલર જ્યોતિબેન પટેલ તથા તેઓના પતિ નીતિનભાઈ પટેલ દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે પણ પવિત્ર શ્રાવણ માસમાં પ્રજ્ઞાચક્ષુઓ માટે દ્વારકા અને સોમનાથની ધાર્મિક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રજ્ઞાચક્ષુઓ તથા તેઓ સાથે તેમના કેર ટેકર મળીને ચાલીસ થી પિસ્તાલીસ લોકો આજે વડોદરા થી રવાના થયા હતા. નીતિનભાઈ પટેલ તથા તેમના ધર્મપત્ની મ્યુનિસિપલ કાઉન્સિલર જ્યોતિબેન પટેલ દ્વારા દરેક વર્ષે શ્રાવણ માસમાં દિવ્યાંગો તથા પ્રજ્ઞાચક્ષુઓ માટે ધાર્મિક યાત્રાનું આયોજન કરવામાં આવે છે સાથે જ નીતિનભાઈ પટેલ દ્વારા અમરનાથ યાત્રીકો માટે ભંડારા સેવાનું આયોજન કરવામાં આવે છે ત્યારે આજે પ્રજ્ઞાચક્ષુઓ માટે આ ધાર્મિક યાત્રામાં તેઓ માટે પાણી, ચ્હા નાસ્તાની તેમજ જમવાની અને રહેવા તથા દર્શનની તમામ વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના વડોદરા શહેર પ્રમુખ ડો.જયપ્રકાશ સોની પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સેવાકાર્યને બિરદાવી હતી.

અલવી કો.ઓપ. બેન્ક લી.ના 67મી સાધારણ સભાનું ખાતે આયોજન કરવામાં આવ્યું

વડોદરા : શનિવારે આજવારોડ સ્થિત પંડિત દિનદયાલ ઉપાધ્યાય નગરગૃહ ખાતે અલવી કો.ઓપ. બેંક લી. ની 67મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાર્ષિક સાધારણ સભા બેંકના ચેરમેન અકબરભાઈ ચશ્માવાલા, વાઈસ ચેરમેન તાલિબ દવાવાલાના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. જેમાં બેંકની પ્રગતિ વિશે તેમજ આવનારા સમયમાં બેન્ક નવી ટેકનોલોજી સાથે વિવિધ સેવાઓ વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ નવી બે બ્રાન્ચ ખોલવાની જાહેરાત કરવામાં આવી હતી. આ 67મી વાર્ષિક સાધારણ સભામાં અલવી સમાજના તમામ લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને સમાજના લોકોએ આ કાર્યને બિરદાવ્યું હતું.

રામબાગ મકરપુરા ખાતે કચરાના નિકાલ અંગે જાગૃતિ અભિયાનનું આયોજન કરાયું

વડોદરા : તા.26 જુલાઈ ના રોજ વડોદરાના મકરપુરા સ્થિત રામબાગ સોસાયટી ખાતે રસોડાના કચરા અને બગીચાના લીલા કચરામાંથી ખાતર બનાવવા અંગે એક ખાસ પ્રેઝન્ટેશન અને તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રનો ઉદ્દેશ્ય ઘરેલું ખાતર બનાવવા વિશે જાગૃતિ લાવવા અને ઘરગથ્થુ સ્તરે પર્યાવરણને અનુકૂળ કચરા વ્યવસ્થાપન પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાનો હતો. આ સત્રની અધ્યક્ષતા સોસાયટીના પ્રમુખ કૃપા મેડમ દ્વારા કરવામાં આવી હતી અને તેમાં સોસાયટીની તમામ મહિલા રહેવાસીઓની સક્રિય ભાગીદારી જોવા મળી હતી, જેમણે ઘરગથ્થુ કચરાનું સંચાલન કરવાની ટકાઉ પદ્ધતિઓ શીખવામાં ખૂબ ઉત્સાહ દર્શાવ્યો હતો. ફેડરેશન ઓફ વડોદરા રેસિડેન્ટ્સ એસોસિએશન (FEVRA) ના પ્રમુખ સુરેશભાઈ પાલમેલે સભાને સંબોધિત કરી હતી તેમણે પોતાના ભાષણમાં સ્વચ્છ, હરિયાળું અને સ્વસ્થ શહેર બનાવવા માટે કચરાના અલગીકરણ અને ખાતર બનાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો સાથે જ તેમણે પર્યાવરણીય જવાબદારીમાં સક્રિય ભૂમિકા ભજવવા બદલ રામબાગ સોસાયટીની મહિલાઓની પણ પ્રશંસા કરી હતી.આ કાર્યક્રમમાં પ્રેરણા ફાર્મના સંતોષ ભાઈ દ્વારા વિગતવાર પ્રસ્તુતિ અને તાલીમ આપવામાં આવી હતી.

વડોદરા મહાનગરમાં ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા ફરી આકસ્મિક ચેકીંગ

80 કિલોથી વધુ અયોગ્ય ખાદ્ય સામગ્રીનો નાશ કરાયો, કેટલાક યુનિટ સીલ

60થી વધુ ફૂડ યુનિટ્સ પર આકસ્મિક ઈન્સ્પેક્શન ચલાવ્યું હતું

(પ્રતિનિધી) વડોદરા, તા.31

શહેરમાં ખાદ્યસુરક્ષા અંગે ચિંતાજનક બાબતો સામે આવતાં મહાનગર પાલિકાની ખોરાક શાખાએ કડક રવઈયો અપનાવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી શહેરના વિવિધ વિસ્તારોમાં વાયરલ થઈ રહેલા અયોગ્ય ખાદ્યપદાર્થોની મુદ્દે નિરીક્ષણ માટે પાલિકા દ્વારા ખાસ ટીમો બનાવી આશરે 60થી વધુ ફૂડ યુનિટ્સ પર આકસ્મિક ઈન્સ્પેક્શન ચલાવવામાં આવ્યું. અધિકારીઓના જણાવ્યા મુજબ, વિવિધ સ્થળોએ સ્વચ્છતા ન હોવી, લાયસન્સ વગર વ્યવસાય થવો, પેપર પસ્તી અને પ્લાસ્ટીકનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ અને સિથેટિક કલરવાળા પદાર્થોની વેચાણ હોય પાલિકાએ અલગ-અલગ વિસ્તારોમાં તપાસ કરતાં અનેક દુકાનો અને લારીઓએ નિયમો ભંગ કરતા દેખાઈ આવ્યા હતા.આવી કાર્યવાહી ખોરાકની સલામતી માટેનામાં કાયદાને ધ્યાને લઈને કરવામાં આવી છે. સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ હેઠળ કરવામાં આવી છે. શિડ્યુલ-4 મુજબ સંસ્થાઓને સૂચનાઓ આપી, કેટલીક જગ્યાએ યુનિટ સીલ કરવામાં આવી છે. પાલિકાના અધિકારીઓએ જણાવ્યું કે, આ પ્રકારની ચેકિંગ આભિયાનો નિયમિત ચાલશે,ખોરાકની ગુણવત્તા અને જાહેર આરોગ્ય સાથે કોઈ બેદરકારી બરદાશ્ત નહીં કરવામાં આવે. લાઈસન્સ વિના ચાલતા તમામ ખાદ્ય વ્યાપાર સાથે પાલિકા મર્યાદાની અંદર કાયદેસર પગલાં ભરશે.

તંત્રની માહિતી અનુસાર નોંધપાત્ર કાર્યવાહી

>> પ્રતાપનગર રોડ પર આવેલ 'ગાયત્રી ખમણ શોપ'માંથી પેપર પસ્તી અને ચટણી નાશ કરી, નિયમોનો ભંગ કરનાર દુકાન તાત્કાલિક બંધ કરવામાં આવી.

>> સોમાતલાવ વિસ્તારમાં 'લજ્જત દમ બિરિયાની'માંથી કલરવાળી બિરિયાની મળતા 40 કિલો ભોજન નાશ કરાયું અને પાલિકા દ્વારા તાત્કાલિક યુનિટ બંધ કરાવવામાં આવી.

>> ભેરૂનાથ નાસ્તા હાઉસ તેમજ રજવાડી ચા શોપ તથા નીલકંઠ અને લવ રજવાડી ચાએ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા તેમજ લાયસન્સ વગર ધંધો કરતા હોવાના કારણે તાત્કાલિક ચાલું યુનિટો બંધ કરાવી દેવામાં આવ્યા.

>> રેસકોર્સ બસ ડેપો સામે, ગેંડા સર્કલ, ઈનોરબીટ મોલ રોડ વિસ્તારમાં 26 ચેકિંગ દરમિયાન ઘણી સફરજન લારીઓ/દુકાનો ચાલકોએ લાયસન્સ વિના ધંધો કરતા હોવાનું સામે આવ્યું, તેમજ પેસ્ટી તથા ખુલ્લા ખાદ્યપદાર્થોમાં અસ્વચ્છતા જોવા મળી.

કુલ મળીને નાશ: 18 કિલો પેપર પસ્તી, 8 કિલો પ્લાસ્ટિક બેગ, 40 કિલો બિરિયાની, 5 કિલો પૌવા, 5 કિલો ચટણી, 4 કિલો પુલાવ - કુલ 80 કિલોથી વધુ ખાદ્યસામગ્રી નાશ.

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે અગાઉ દિપક શર્માની ધરપકડ કરી હતી

ડ્રગ માફિયાના અપહરણ કેસમાં વધુ 1ની ધરપકડ

દીપક શર્માના રિમાન્ડ દરમિયાન નીરવ સોલંકીનું નામ બહાર આવ્યું, વડોદરા સેન્ટ્રલ જેલમાંથી ટ્રાન્સફર વોરંટ દ્વારા ધરપકડ કરાઈ

(પ્રતિનિધી) વડોદરા, તા.31

મુંબઈના કુખ્યાત ડ્રગ માફીયા સાજીદ ઈલેક્ટ્રીકવાલાનું પણ અપહરણ થયું હતું. સ્થાનિક પોલીસ સ્ટેશનમાંથી આ કેસની સમગ્ર તપાસ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે તપાસ સંભાળતા ડ્રગ માફીયા અને બિલ્ડરનું અપહરણ કરવામાં સામેલ મુખ્ય સૂત્રધાર સરવર ખાન અને વડોદરાના દીપક નંદકિશોર શર્મા (રહે. મોતીભાઈ પાર્ક, ખોડીયારનગર, વડોદરા) સહિત 11 આરોપીની ધરપકડ કરી લેવામાં આવી હતી.

જ્યારે દિપક નંદ કિશોર શર્માને ક્રાઈમ બ્રાન્ચે તાજેતરમાં જ તેના ખોડીયાર નગર ખાતેના મકાનમાંથી દબોચી લીધો હતો. તેની ધરપકડ કર્યા બાદ આ દીપક શર્માને ક્રાઈમ બ્રાન્ચે કોર્ટમાં રજૂ કરીને 29 જુલાઈ સુધીના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ દરમિયાન વડોદરાના બુટલેગર નીરવ સોલંકીની સંડોવણી પણ બહાર આવી હતી.

જેથી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમે નીરવની તપાસ કરતા આ આરોપી દારૂના ગુનામાં વડોદરા સેન્ટ્રલ જેલમાં સજા કાપતો હોવાની વિગતો જાણવા મળી હતી. જેથી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમ વડોદરા આવી પહોંચી કોર્ટમાંથી ટ્રાન્સફર વોરન્ટ મેળવ્યા બાદ વડોદરા સેન્ટ્રલ જેલમાંથી આરોપી નીરવ સોલંકીની ટ્રાન્સફર વોરંટ ના આધારે ધરપકડ કરી મુંબઈ પરત જવા માટે રવાના થઈ ગઈ હતી.

બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાનું ગૌરવ

ડૉ.જ્ઞાનવત્સલદાસને અમેરિકાના વિવિધ શહેરમાં સન્માનિત કરાયા

(પ્રતિનિધી) વડોદરા, તા.31

બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાના સંત પૂજ્ય ડૉ. જ્ઞાનવત્સલદાસ સ્વામીને, જુલાઈ ૨૦૨૫ દરમિયાન, અમેરિકાના વિવિધ રાજ્ય તથા શહેરોના શાસકો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

યુનાઈટેડ સ્ટેટ્સ હાઉસ ઑફ રિપ્રેઝેન્ટેટિવ્સની કૉંગ્રેસનલ માન્યતા દ્વારા - આત્મિક વિકાસ માટેની અસાધારણ સેવા માટે - કૉંગ્રેસના સભ્ય સુહાસ સુબ્રમણિયમ દ્વારા. ડેલાવેર રાજ્યના ગવર્નર મૅથ્યુ મેયર દ્વારા જાહેરનામું - લોકોના અંગત અને વ્યાવસાયિક જીવનને સુધારવા માટે પ્રાયોગિક માર્ગદર્શન આપવા બદલ. ન્યૂ જર્સી રાજ્યના સેનેટર પેટ્રિક ડાઈગનેન દ્વારા જાહેરનામું - શાશ્વત મૂલ્યોના સમર્પિત દૂત તરીકેની ભૂમિકા માટે.મેસેચ્યુસેટ્સના હાઉસ ઑફ રિપ્રેઝેન્ટેટિવ્સના સ્પીકર રોનાલ્ડ મેરિયાનો તથા સ્ટેટ રિપ્રેઝેન્ટેટિવ રૉડની એલિયટ દ્વારા - વર્જિનિયા સેનેટના અભિનંદન પાઠવતા સેનેટર કન્નન શ્રીનિવાસન દ્વારા. સેનેટર જે. ડી. "ડેની" ડિગ્સ દ્વારા મેયર ડેનિયલ રૌર્ક લોઅલ શહેર, મેસેચ્યુસેટ્સ, સીટેશન દ્વારા હેમ્પટન શહેરના મેયર જેમ્સ એ. ગ્રે જુનિયર દ્વારા ન્યૂપોર્ટ ન્યૂઝ, વર્જિનિયા શહેરના મેયર ફિલિપ જોન્સ દ્વારા જાહેરનામું જીવનમાં સુધારો લાવવા બદલ એનાયત કરાયા.

ગંદા પાણી ક્ષેત્રમાં કાટ નિયંત્રણની નવી પ્રવૃત્તિ અંગે વેબિનાર યોજાયો

(પ્રતિનિધી) વડોદરા, તા.31

એસોસિએશન ફોર મટીરીયલ્સ પ્રોટેકશન એન્ડ પરફોર્મન્સ (એએમપીપી) અમેરિકા દ્વારા વોટર એન્ડ વેસ્ટ વોટર કરોઝન કંટ્રોલ ટ્રેન ઈનઈન્ડિયા (ભારતમાં પાણી અને ગંદા પાણી ક્ષેત્રમાં કાટ નિયંત્રણની નવી પ્રવૃત્તિઓ) વિષય પર આંતરરાષ્ટ્રીય વેબિનાર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એએમપીપીના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ જુઆન કાબેલરો, એએમપીપીના પૂર્વ આંતરરાષ્ટ્રીય અધ્યક્ષડૉ. આમિર એલીઝર, એએમપીપીના સીઈઓ એલન થોમસ, જેનિફરમાર્ક સહિત દુનિયાના વિવિધ દેશોમાંથી 300 થી વધુ વ્યાવસાયિકો, સંશોધકો અને ઉદ્યોગ નિષ્ણાતોએ ભાગ લીધો હતો. વેબિનાર એમએસયુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉક્ટર સુનિલ કહાર દ્વારા "એસેલેરેટર ઈલેક્ટ્રો કેમિકલ ટેસ્ટિંગ ફોર પ્લાન્ટ મટીરીયલ સિલેક્શન ફોરવોટર સિસ્ટમ"વિષય પર પોતાના નિષ્ણાત પ્રવચન આપ્યું.

ડૉ.સુનિલ કહારે વધુમાં જણાવ્યું હતું કે આજકાલ મ્યુનિસિપલ ટ્રીટમેન્ટ પ્લાન્ટો સ્થાનિક ઉદ્યોગો માટે પાણીના સ્ત્રોત તરીકે વધુ પ્રમાણમાં ઉભરી રહ્યા છે.ભારતના ઉદ્યોગો માટે માત્ર શુદ્ધ કરેલું પાણી જ વાપરવું જરૂરી છે, ભૂગર્ભજળ માત્ર ઘરેલુ ઉપયોગ માટે જ અનામત રાખવામાં આવ્યું છે.હકીકતમાં, આ નિયમનો અમલ હજી પૂરતો કડક રીતે થતો નથી.

મિલ્કતોના દસ્તાવેજોની નોંધણીની OTP આધારિત ખરાઈ થશે

રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં ખરીદ વેચાણમાં ગેરરીતિના બેનામી વ્યવહારો ડામવા ખાસ તૈયારી

(પ્રતિનિધી) વડોદરા, તા.31

દેશમાં મિલ્કતોના રજીસ્ટ્રેશનમાં હવે ડિજીટલ ઝડપી કામગીરીને વેગ આપીને મિલ્કતોના સોદામાં થતી ગેરરીતિ અંકુશમાં લેવા સરકાર કમ્મર કસી રહી છે. ખાસ કરીને બિલ્ડર લોબીમાં કરોડોની મિલ્કતોમાં જે બેનામી સોદા થાય છે. તેના પર સરકાર ચાપતી રાખશે. હવે મિલ્કતના ખરીદ-વેચાણ સમયે પક્ષકારોના નોંધાયેલા મોબાઈલ તથા નોંધણી અધિકારીના મોબાઈલ પર આવતા ઓટીપી આધારે પુરા સોદાની રજેરજની માહિતી આવકવેરા વિભાગ પાસે ઉપલબ્ધ થઈ જશે. સંપતિના ખરીદ-વેચાણમાં અનેક સમસ્યાઓ સરકાર પાસે રજુ થઈ છે. હવે પક્ષકારોને ઓનલાઈન નોંધણીની અધ્યતન સુવિધા મળશે. મિલ્કત સબંધી કરારોમાં દસ્તાવેજ, પાવર ઓફ એટર્ની, વેચાણ વારસા-પ્રોબેટ (કોર્ટ)સહિતના હશે.તેની પણ નોંધણી ફરજીયાત કરાવવી પડશે. સરકાર મિલકતની નોંધણી ખરીદ-વેચાણની સમગ્ર પ્રક્રિયાને ડિજીટલ અને ઓટીપી પ્રક્રિયા હેઠળ આવરી લેતા આર્થિક ગેરરીતિમાં કાબુ મેળવી શકાશે. ખાસ તો બેનામી સોદાઓ અટકાવી શકાશે. ડિજિટલ પ્રક્રિયાથી સોદાની માહિતી આવકવેરા વિભાગ પાસે સત્વરે પહોંચી જશે. એક વખત આ પ્રકારે ઓટીપી આધારીત પ્રક્રિયા પુરી થયા બાદ આવકવેરા વિભાગ તેની ચકાસણી કરીને ખરીદનાર-વેચનારના ડેટાની ઊંડી તપાસ કરશે. પાંચથી છ વર્ષમાં આવક અને સંપતિની તમામ વિગત એકત્ર કરશે. અને આવકવેરા રીટર્નમાં ક્રોસ ચેકીંગ થશે અને તેમાં જો આવક કરતા વધુ સંપતિ જાણવા મળશે નો કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.ખરીદ-વેચાણ કરનાર પાસે જવાબ મંગાશે.મિલ્કતોમાં જે મોટાપાયે કાળા નાણાના વ્યવહારો થાય છે તેને ઝડપી શકાશે.

નવો મિલકત રજીસ્ટ્રેશન એક્ટ- ૨૦૨૫ રજૂ થઈ રહ્યો છે, પાન-કાર્ડની ખરાઈ પણ થશે

આવકવેરા વિભાગ અધિકારીના જણાવ્યા મુજબ જે નવો મિલકત રજીસ્ટ્રેશન એક્ટ- ૨૦૨૫ રજૂ થઈ રહ્યો છે .તેમાં મિલ્કત કે અન્ય દસ્તાવેજોના રજીસ્ટ્રેશન માટે વન-ટાઈમ પાસવર્ડ (ઓટીપી) સીસ્ટમ અમલીકરણ બાદમાં રજીસ્ટ્રેશન કે સાટાખત નોંધણી,ખરીદ-વેચાણમાં જોડાયેલા વ્યક્તિના પાન-કાર્ડની ખરાઈ ઓટીપીના આધારે કરવા માં આવશે.ત્યાર બાદ આધારકાર્ડની પણ ઓટીપી થશે. તમામ ચકાસણી બાદ તે જ ખરાઈ કરીઆપશે. જેની નકલ રજીસ્ટ્રેશન દસ્તાવેજ સાથે કચેરીના રેકોર્ડમાં રહેશે. જેની સોફ્ટ કોપી આવકવેરા વિભાગ ને મોકલાશે. જે આધારે સોદાની તમામ માહિતી મેળવશે. દેશમાં બેનામી સંપતિઓ અંગે ૩ લાખથી વધુ કેસ હાલ પેન્ડીંગ છે અને તેથી ભવિષ્યમાં આ પ્રકારના સોદાઓ રજીસ્ટ્રેશન સમયે જ ઓળખાઈ જાય તેવી સિસ્ટમનો આરંભ થયો છે.

નોંધણી અધિકારી મોબાઈલ પર માહિતી લઈને OTPના આધારે સોદાની નોંધણીને મંજૂરી આપશે

આધુનિક પદ્ધતિનો ઉપયોગ દાન-ગીફ્ટમાં આપવામાં આવતી સંપતિઓને પણ લાગુ થશે. જેણે સંપતિ ખરીદી ને ટૂંક સમયમાં તે દાન-ગીફ્ટના નામે અન્યને તબદીલ કરી છે. ઘણીવાર એવું પણ સપાટી પર આવ્યું છે કે જે દાન-ગીફ્ટ લે છે તે ખરેખર તો અસલી ખરીદદાર જ હોય છે. હકીકતમાં તે બેનામી આવક છુપાવવા માટે આ પ્રકારના વ્યવહારો કરવામાં આવે છે.

આરોગ્ય પ્રચારક મંડળ દ્વારા રાવપુરા સંસ્થા વસાહત ખાતે રાહતદરે ફિઝિયોથેરાપી સારવાર

(પ્રતિનિધી) વડોદરા, તા.31

આરોગ્ય પ્રચારક મંડળ દ્વારા રાહતદરે ફિઝિયોથેરાપી સારવાર શરૂ કરવામાં આવનાર છે. તા.1, ઓગસ્ટને શુક્રવારના રોજ થી દરરોજ સવારે 9 થી 12 કલાક દરમિયાન રાહતદરે ફિઝિયોથેરાપી સારવાર આપવામાં આવશે. આરોગ્ય પ્રચારક મંડળ સંચાલિત મુખ્ય રાહત દવાખાના સંસ્થા વસાહત, આરોગ્ય ભવન પ્રતાપરોડ, રાવપુરા, વડોદરા ખાતે આજથી શરૂ થનાર રાહતદરે ફિઝિયોથેરાપી સારવારનો નગરજનોને લાભ લેવા સંસ્થાના પ્રમુખ પ્રો.ડો.હસમુખભાઈ પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

મકાન માલિકના પુત્ર અને તેના બે મિત્રોએ 1.30 લાખની મતા તફડાવી

ભાયલીમાં વૃદ્ધ માતા પિતા સાથે રહેતી ભાડુવાત મહિલાના ઘરમાં ચોરી

(પ્રતિનિધી) વડોદરા, તા.31

આધેડ મહિલા જમવા ગઈ ને એક કલાકમાં ત્રિપુટી બનાવટી ચાવીથી મકાન ખોલીને હાથ ફેરો કરી ગયા. ભાઈલી શનિ મંદિર સામે મેટ્રીડ કાઉન્ટી ના મકાન નંબર 145 માં રહેતા દિપાલીબેન વિનય કુમાર દેસાઈ કપડાનો વ્યવસાય કરીને આજીવીકા રળે છે. તેઓએ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે 22 તારીખે રાત્રે 8:00 વાગે તેઓ મકાન બંધ કરીને જમવા ગયા હતા 9:30 વાગે જમીને પરત આવતા મકાન માલિક નો છોકરો વિકાસસીંગ અને દેના બે મિત્રો મકાનની ડુપ્લીકેટ ચાવીને ઘરમાં ગયા હતા અને રોકડા 60,000 તથા સોનાની સવા બે તોલાની ચેન સહિત 1.30 લાખની મત્તા તફડાવીને ફરાર થઈ ગયા હતા. તપાસ અધિકારી એન આર કદાવલા એ તપાસનો દોર સંભાળ્યો હતો. ફરિયાદી દિપાલીબેને જણાવ્યું હતું કે તેમના મકાન માલિકના પુત્ર સહિત ત્રણ જણાને રૂમમાં જોયા હતા અને વીડિયો પણ ઉતાર્યા છે. કંટ્રોલ પર જાણ કરી છતાં પોલીસ ના આવતા ઉચ્ચ અધિકારી સમક્ષ ફરિયાદ નોંધવા બાબતે તમામ વિગત જણાવી હતી.

પ્રતાપનગર ગીતામંદિર ખાતે સમૂહ એકાદશી વ્રતનું ઉધ્યાપન, લઘુરુદ્ર અને ગંગાપૂજન થશે

(પ્રતિનિધી) વડોદરા, તા.31

શહેરના પ્રતાપ નગર વિસ્તારમાં આવેલા ગીતામંદિર ખાતે શ્રાવણ માસ નિમિત્તે નર્મદેશ્વર મહાદેવનો દરરોજ અભિષેક કરવામાં આવે છે. જે અંતર્ગત તારીખ 5 ઓગસ્ટના રોજ સવારે 8:00 થી સાંજે 5:00 કલાક દરમિયાન સમૂહ એકાદશી વ્રતના ઉધ્યાપન કરવામાં આવશે. તારીખ 7 ઓગસ્ટના રોજ ગંગા પૂજન સવારે 8:00 થી 12 કલાક દરમિયાન યોજાશે. તેમજ તારીખ 23 ઓગસ્ટના રોજ સવારે 10 થી 12 કલાક દરમિયાન સમૂહ લઘુરુદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. જેને પણ બેસવું હોય તેઓને ગીતામંદિરમાં નામ નોંધાવી જવા જણાવ્યું છે.

એડવોકેટ ભાવિન વ્યાસની મુખ્ય આયોજક-ગરબા ગાયકને રજૂઆત

યુનાઇટેડ વે ગરબામાં યુવકોના સો.મીડિયા એકાઉન્ટની માહિતી લઈ વેરીફાઈ કરવા માંગ

અસામાજિક ગુનાહિત માનસિકતા ધરાવતા તત્વો ગરબાથી દૂર રહે તેવા પ્રયાસ

(પ્રતિનિધી)વડોદરા,તા.31

વડોદરા શહેરના એડવોકેટ ભાવિન વ્યાસે પ્રખ્યાત યુનાઇટેડ વે ના ગરબામાં જે યુવાનો રજીસ્ટર કરાવે છે તેમનું સોશિયલ મીડિયા એકાઉન્ટની માહિતી લઈને ચકાસણી કર્યા બાદજ પાસ આપવાની માંગણી સાથે ગરબાના મુખ્ય આયોજક અને ગરબા ગાયકને ધારદાર શબ્દોમાં રજૂઆત કરી છે. હિન્દુ ધર્મના પવિત્ર તહેવારોનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે આગામી નવરાત્રીના તહેવારમાં શહેરના સૌથી મોટા યુનાઈટેડ વે ના ગરબામાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ ગરબે ઘૂમવા આવતા હોય છે. જો કે તેમાં પણ કેટલાક અસામાજિક તત્વો એન્ટ્રી કરતા હોય છે. ત્યારે તેમને ડામવા માટે શહેરના નામાંકિત એડવોકેટ ભાવિન વ્યાસ મેદાનમાં આવ્યા છે. તેમણે ગરબાના મુખ્ય આયોજક ટ્રસ્ટી મીનેશ પટેલ અને ગરબા ગાયક અતુલ પુરોહિતને ધારદાર રજૂઆત કરી છે તેમણે જણાવ્યું છે કે,ઘણા અસામાજિક તત્વો ગુનાહિત માનસિકતા ધરાવતા તત્વો અને ઘણા વિકૃત મગજના તત્વો ગરબામાં ઘૂસીને ગરબા આયોજકો અને ગરબાને બદનામ કરી ખોટા કામ કરતા હોય છે. પાસના પૈસા ભરીને આવા તત્વો અંદર ઘૂસી જતા હોય છે. ત્યારે આ તમામ બાબતોનું ધ્યાન રાખવા ફોર્મ ભરતી વખતે બુકિંગ કરતી વખતે આ તમામ યુવકોનું સોશિયલ મીડિયા એકાઉન્ટ તેમની પ્રોફાઈલ અને તેમની સ્ટોરી સાથે જ બે ત્રણ વર્ષના ઈતિહાસ ભૂગોળ ચેક કરવા જોઈએ અસામાજિક તત્વો ગરબાથી દૂર રહે અને ગરબાનું નામ બગડે નહીં તેઓ મારો હેતુ છે.

અમુક તત્વોની પ્રોફાઈલ અને ડેટા તેઓ ગરબા આયોજકોને આપશે. જેથી તેઓ તેમને બ્લેક લિસ્ટ કરી શકે. વધુમાં જણાવ્યું હતું કે, જો શાહરૂખ ખાનને મુંબઈના ક્રિકેટ સ્ટેડિયમમાં બેન કરવામાં આવતો હોય તો પછી ખરાબ વર્તન કરતાં અને ખરાબ વર્તનનું આખું વર્ષ પોતાની પ્રોફાઈલમાં કે પોતાના જીવનમાં કરતા તત્વોને માતાજીના ગરબામાં આવવાનો અને બહેન દીકરીની જિંદગી બગાડવાનો કોઈ અધિકાર નથી. આ મામલે અમે વડોદરાના સાંસદને પણ રજૂઆત કરવાના છે.

યુનાઈટેડ વે અનેક વાર ગરબાના આયોજનને લઈને વિવાદોમાં સપડાતું હોય છે. સુવિધાના અભાવે ગરબા રસિકોને ઘણીવાર મુશ્કેલી વેઠવાનો વારો આવતો હોય છે.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ.
કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. ૮૦૨, નટરાજ રુસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૯
ગોધરા શાખા: દુકાન નં. 3, પહેલો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત-૩૮૯૦૦૧
Aadhar Housing Finance Ltd

ઈ-હરાજી - વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટિસ, જે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ (૬)ની જોગવાઈ સાથે વાંચવામાં આવે છે.
આ દ્વારા સામાન્ય રીતે જાહેર જનતા અને ખાસ કરીને દેવાદાર (ઓ) અને ગેરંટર (ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત ગીરવે મૂકવામાં આવી છે, જેનો કબજો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે "જ્યાં છે ત્યાં" "જેમ છે તેમ", અને "જે કંઈ છે તેમ છે"ના આધાર પર કોઈ જાણીતા બોજા વગર વેચવામાં આવશે. જેની વિગતો નીચે આપેલ છે:

| અ. નં. | ઋણ લેનાર/ સહ-ઋણ લેનાર/ ગેરન્ટર(ઓ) | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન |